# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે ત્રણ ફ્રન્ટલાઈન નૌકાદળના યુદ્ધ જહાજો- INS સુરત, INS નીલગિરી અને INS વાઘશીરને કમિશન કર્યું

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમના સંસદીય મતવિસ્તાર માણસામાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત

3) ભારતીય સેનાના 77માં સ્થાપના દિન નિમિત્તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશ માટે બલિદાન આપનારા સૈનિકોને નમન કર્યા

4) દ્વીપક્ષિય સંબંધોને વધુ સુદ્રઢ બનાવવા માટે મેડ્રીડમાં કેન્દ્રીય મંત્રી એસ જયશંકરે સ્પેનના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

5) ટૂંકા ગાળા માટે માર્શલ લોની જાહેરાતના મામલે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ, યેઓલની પોલીસે ધરપકડ કરી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MUMBAI

ભારતીય સંરક્ષણ દળો અને "આત્મનિર્ભર ભારત" પહેલ માટે એક મોટું પ્રોત્સાહન આપતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે ત્રણ ફ્રન્ટલાઈન નૌકાદળના યુદ્ધ જહાજો - INS સુરત, INS નીલગિરી અને INS વાઘશીર - ને કમિશનિંગ કરાવ્યું.

આ ત્રણ ફ્રન્ટલાઈન નૌકાદળના યુદ્ધ જહાજોના કમિશનિંગ અંગે, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આજે આપણે 21મી સદીના નૌકાદળને મજબૂત બનાવવા તરફ એક ખૂબ જ મોટું પગલું ભરી રહ્યા છીએ.

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી)

પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું કે, આ પહેલી વાર છે જ્યારે એક વિનાશક, ફ્રિગેટ અને સબમરીન એકસાથે કમિશન કરવામાં આવી રહી છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી)

ત્રણ નૌકાદળના યુદ્ધ જહાજોનું કમિશનિંગ સંરક્ષણ ઉત્પાદન અને દરિયાઈ સુરક્ષામાં વૈશ્વિક નેતા બનવાના ભારતના વિઝનને સાકાર કરવામાં એક મહત્વપૂર્ણ છલાંગ દર્શાવે છે. તે સંરક્ષણમાં વૈશ્વિક નેતા બનવાના પ્રયાસોને પણ મજબૂત બનાવશે અને આત્મનિર્ભરતા તરફની ગતિને વધુ વેગવંતી બનાવશે.

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ત્રણ દિવસની રાજ્યની મુલાકાતે છે. ત્યારે હાલ તેઓ તેમના મત વિસ્તારમાં માણસામાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્તના કાર્યક્રમમાં ઉપસ્થિત છે.. .. શ્રી શાહ આજે માણસા સર્કિટ હાઉસ, ગોલથરા ખાતે સગર્ભાઓને લાડુનું વિતરણ કરશે, તેઓ કલોલના નારદીપુરમાં રામજીમંદિરમાં સાધનોનું વિતરણ કરશે.. શ્રી શાહ કલોલ-સાણંદ રોડનું ખાતમુહુર્ત કરશે તેમજ સઇજ ખાતેના ઓવરબ્રિજ સહિતના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

જ્યારે 16મી જાન્યુઆરીના રોજ તેઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના પ્રવાસે જશે.. જ્યાં તેઓ અનંત અનાદિ વડનગર કાર્યક્રમ અંતર્ગત વડનગર ખાતે ૨૯૮ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ, ૭૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ પ્રેરણા સંકુલ અને ૩૩ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરશે.

તેમજ વડનગર ખાતે હેરીટેજ પ્રિન્સિંક્ડ ડેવલોપમેન્ટ સ્કીમ-ફસાડ, અર્બન રોડ ડેવલોપમેન્ટ તેમજ બ્યુટીફિકેશનના કાર્યોનું અવલોકન અને મુલાકાત પણ કરવાના છે. તેઓ હાટકેશ્વર મંદિરની મુલાકાત લઈને પૂજા અર્ચના કરશે. તેમજ પ્રેરણા સંકુલના વિદ્યાર્થીઓને મળશે.

. . . . . . . . . . . . . . .

# ARMY DAY

આજે સશસ્ત્ર દળો અને દેશ માટે તેમના અપાર બલિદાનને માન આપવા માટે 77મા સેના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. સેના દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સૈનિકો, સેનાના ભૂતપૂર્વ સૈનિકો અને તેમના પરિવારોને શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં સેનાની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે, સૈનિકો દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે દેશમાં શાંતિપૂર્ણ વાતાવરણ બનાવવામાં ફાળો આપે છે. તેમણે કહ્યું કે, સૈનિકોએ આપણી સરહદોનું રક્ષણ કરવામાં સતત અસાધારણ હિંમત અને વ્યાવસાયિક ધોરણો દર્શાવ્યા છે. રાષ્ટ્ર, માતૃભૂમિની સેવામાં સેનાના અસંખ્ય બલિદાનોને કૃતજ્ઞતા સાથે યાદ કરે છે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર વિવિધ સુધારાઓ અને આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને સશસ્ત્ર દળો અને તેમના પરિવારોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. દેશના નાગરિકો દરરોજ કરોડો ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરનારા બહાદુર સૈનિકોના બલિદાનને યાદ કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, સૈનિકોએ તેમના અદમ્ય બહાદુરી અને હિંમતથી ભારતીય સેનાને વિશ્વની શ્રેષ્ઠ સેનાઓમાં સ્થાન અપાવ્યું છે. તેમણે રાષ્ટ્ર માટે પોતાના જીવનનું બલિદાન આપનારા શહીદોને પણ સલામ કરી.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે પણ સેના દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે આ દિવસ ભારતીય સેનાના અતૂટ સમર્પણ, હિંમતની ઉજવણી કરે છે. ભારતીય સેનાએ દેશની સુરક્ષા અને એકતાનો પાયો છે.

--------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# JAISHANKAR-SPAIN PREZ

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝને મળ્યા. ડૉ. જયશંકર સ્પેનની બે દિવસની મુલાકાતે છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં ડૉ. જયશંકરે સ્પેનના રાષ્ટ્રપતિની ભારતની સફળ મુલાકાતને યાદ કરી જે લાંબા સમયથી ચાલતી ભાગીદારીને મજબૂત બનાવે છે. તેમણે સ્પેનિશ રાષ્ટ્રપતિને મેડ્રિડમાં થયેલી ચર્ચાઓ અને બંને દેશો વચ્ચેના પરસ્પર સંવાદમાં થયેલી પ્રગતિ વિશે પણ માહિતી આપી.

. . . . . . . . . . . . . . .

# J&K-DISEASE

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાના બુધલ તાલુકાના બધાલ ગામમાં એક રહસ્યમય બીમારીને કારણે છેલ્લા 24 કલાકમાં વધુ બે લોકોના મોત નિપજ્યા છે. ડિસેમ્બર 2024 થી મૃત્યુઆંક વધીને 14 થયો છે. મુખ્ય સચિવ અટલ દુલ્લુએ ગઈકાલે આરોગ્ય નિષ્ણાતો અને રાષ્ટ્રીય સંસ્થાઓના અધિકારીઓ સાથે મૃત્યુના કારણની તપાસ માટે બેઠકની અધ્યક્ષતા કરી અને તેમણે આરોગ્ય અને પોલીસ વિભાગોને આ અંગે તપાસ કરવા જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# JTT BETHAK

નેપાળ-ભારત જેટીટી અને જેડબ્લ્યુડીની બેઠક, 21 અને 22 જાન્યુઆરીએ યોજાશે. ઉર્જા ક્ષેત્ર પર નેપાળ-ભારત વચ્ચેની આ મહત્વપૂર્ણ બેઠક નવી દિલ્હીમાં યોજાશે. દર 6 મહિને યોજાતી આ બેઠક આ વખતે એક વર્ષ પછી યોજાવાની છે. આ પહેલા, સંયુક્ત સચિવના નેતૃત્વમાં જેડબ્લ્યુડી ગયા વર્ષે 2 જાન્યુઆરીએ મળ્યું હતું અને સચિવના નેતૃત્વમાં સંયુક્ત નિર્દેશકો સમિતિ, જેએસસી ત્રીજી જાન્યુઆરી, 2024ના રોજ મળી હતી. ઉર્જા મંત્રાલયના વરિષ્ઠ ઉર્જા નિષ્ણાત પ્રબલ અધિકારીએ જણાવ્યું હતું કે," વર્તમાન બેઠકમાં, નેપાળ અને ભારત વચ્ચે બાંધવામાં આવનારી બે હાઇ-વોલ્ટેજ ટ્રાન્સમિશન લાઇનના બાંધકામ અને રોકાણ ફોર્મેટ પર ચર્ચા કરવામાં આવશે અને જો શક્ય હોય તો, એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# PIYUSH GOYAL –CHENNAI

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા પિયુષ ગોયલે કહ્યું છે કે છેલ્લા દસ વર્ષનું સુશાસન દસ મૂળભૂત સિદ્ધાંતો પર આધારિત છે.

ચેન્નાઈમાં એક કાર્યક્રમમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે સરકાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વ, મૂળ કારણ વિશ્લેષણ, પરિણામલક્ષી કાર્યવાહી, કાયદાનું શાસન અને પારદર્શિતા, સમયસર અમલીકરણ, મુદ્દાઓની પ્રાથમિકતા, જવાબદારી સાથે દેખરેખ, ટેકનોલોજી અપનાવવી, નવીન ધિરાણ અને તમામ હિસ્સેદારો સાથે ભાગીદારી સાથે કામ કરે છે. તેમણે કહ્યું કે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે નટરાજની 27 ફૂટની પ્રતિમા તમિલનાડુના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને દર્શાવે છે. શ્રી ગોયલે ખોરાક, કપડાં, આશ્રય, શિક્ષણ, આરોગ્યસંભાળ, ડિજિટલ કનેક્ટિવિટી, ગેસ જોડાણ અને ઉર્જા કુશળ પ્રકાશ વ્યવસ્થા ઊભી કરવા જેવી વિવિધ સરકારી સિદ્ધિઓ અંગે માહિતી આપી હતી.

. . . . . . . . . . . . . . . .

# KERALA-UAE GLOBAL SUMMIT

કેરળના ઉદ્યોગ મંત્રી પી. રાજીવે આંતરરાષ્ટ્રીય રોકાણો આકર્ષવા માટે દુબઈમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. આ દરમિયાન તેમણે આગામી ઇન્વેસ્ટ કેરળ ગ્લોબલ સમિટ-IKGS માટે સંયુક્ત આરબ અમીરાત - UAEના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી. 13 અને 14 જાન્યુઆરી, 2025 ના રોજ શ્રેણીબદ્ધ બેઠકોમાં, મંત્રીશ્રીએ UAE ના રોકાણ મંત્રી મોહમ્મદ હસન અલ સુવૈદી અને અબુ ધાબી ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન અહેમદ જાસીમ અલ ઝાબી સહિત UAE ના મુખ્ય અધિકારીઓ સાથે વાતચીત કરી. સંયુક્ત આરબ અમીરાત -

UAE 21 અને 22 ફેબ્રુઆરી, 2025 ના રોજ યોજાનાર ઇન્વેસ્ટ કેરળ ગ્લોબલ સમિટ-IKGS માટે એક ખાસ પ્રતિનિધિમંડળ મોકલશે.

તાજ દુબઈ ખાતે રોકાણકાર રોડ શો દરમિયાન, યુએઈમાં ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીરે ભારત-યુએઈ સંબંધોમાં કેરળના યોગદાન પર પ્રકાશ પાડ્યો. રાજદૂત સુધીરે અબુ ધાબીને તેના સાર્વભૌમ સંપત્તિ ભંડોળ સાથે 'વેપારની રાજધાની' તરીકે ઉભરી આવવા પર ભાર મૂક્યો, અને કહ્યું કે કેરળ વેપાર સંબંધોમાં મોખરે છે.

. . . . . . . . . . . . . . .

# SOUTH KOREN PRESIDENT ARREST

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ, યુનસુક યેઓલની પોલીસે ધરપકડ કરી હતી. ગયા મહિને ટૂંકા ગાળા માટે માર્શલ લોની જાહેરાત બાદ, વિવાદ જગાવનારા રાષ્ટ્રપતિ યૂન સુક-યેઓલને, બુધવારે સવારે પોલીસે કસ્ટડીમાં લીધા હતા. દક્ષિણ કોરિયામાં રાષ્ટ્રપતિની ઓફિસમાં ફરજ બજાવતી વખતે અટકાયત કરવામાં આવી હોય, તેવી આ પહેલી ઘટના છે. તપાસ અધિકારીઓએ તેમને મધ્ય સિઓલમાં હન્નામ-ડોંગ સ્થિત રાષ્ટ્રપતિ નિવાસસ્થાનેથી અટકાયતમાં લીધા હતા. ત્યાંથી તેમને ગ્યોંગગી પ્રાંતના ગ્વાનચેઓનમાં ઉચ્ચ-ક્રમાંકિત અધિકારીઓના ભ્રષ્ટાચાર તપાસ કાર્યાલયના મુખ્યાલયમાં લઈ જવામાં આવ્યા. કસ્ટડીમાં લેતા પહેલા, યુને એક રેકોર્ડ કરેલું સરનામું જારી કર્યું. આમાં તેમણે કહ્યું કે, મુકાબલો ટાળવા માટે, તેમણે સીઆઈઓ સમક્ષ હાજર થવાનો નિર્ણય લીધો છે.

એવો અહેવાલ છે કે, લગભગ 3,000 પોલીસ અધિકારીઓએ વેહલી સવારે યેઓલના નિવાસસ્થાનને ઘેરી લીધુ હતુ જેથી તેમને કસ્ટડીમાં લઈ શકાય.

રાષ્ટ્રપતિ યેઓલ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ નેશનલ એસેમ્બલીમાં પસાર થઈ ગયો છે. બંધારણીય અદાલતે આ અંગે નિર્ણય લેવાનો છે. કોર્ટમાં ઔપચારિક સુનાવણી શરૂ થઈ ગઈ છે. યેઓલ પર બળવો અને કાવતરાનો પણ આરોપ છે.

. . . . . . . . . . . . . . . .